ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક ૦૮૪ તારીખ ૦૭-૧૨-૨૦૧૭ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

## રાજકીય રીતે વાતાવરણ હવે ગરમ થઈ ગયું છે

રાજકીય રીતે વાતાવરણ હવે ગરમ થઈ ગયું છે અને ગુજરાતમાં ઉમેદવારો ફાઈનલ થઈ ગયા પછી બંને પક્ષોએ જોરદાર પ્રચાર શરૂ કરી દીધો અને આગામી દિવસોમાં આક્ષેપો અને પ્રતિ આક્ષેપોનો મારો ચાલુ રહેશે.

ગુજરાત એટલે ભાજપનો ગઢ અને સામે કોઈ વૈકલ્પિક પક્ષ ન હોવાથી સરકાર તો ભાજપની જ બનશે તે અંગે કોઈ જ મતભેદ નથી. પરંતુ ગઈ ચૂંટણી અને અત્યારની ચૂંટણીમાં પાયાના લેવલ ઉપર ઘણો તફાવત દેખાય છે. ચાણક્ય દ્વારા વિવિધ મીડિયામેન સાથે ચર્ચા થઈ અને તે તમામનો એક જ સૂર છે કે વિધાનસભાની અને લોકસભાની છેલ્લી ચૂંટણી પછી ભાજપની પરિસ્થિતિ ખૂબ જ નબળી પડી ગઈ છે. કોંગ્રેસીઓ અને અન્ય પક્ષો અત્યારે શ્રી મોદીને ફેંકુ તરીકે દર્શાવે છે તેમાં પણ કોઈ જ અતિશયોક્તિ નથી. કારણ કે પ્રજાનો હવે મોટો વર્ગ પણ વાસ્તવમાં કામ થાય છે કે કેમ તે અંગે આશંકા દર્શાવે છે. પરંતુ સૌથી મહત્ત્વની બાબત ચૂંટણી સભામાં આ વખતે હાજરીનું પ્રમાણ છે. ચાણક્ય દ્વારા વિવિધ અખબારોના પ્રતિનિધિઓ સાથે વાત થઈ અને તેમનો એક જ સૂર હતો કે અગાઉ વડાપ્રધાનની અને અન્ય નેતાઓની ચૂંટણી સભામાં જે રીતનો માનવ મહેરામણ થતો હતો તેનો આ વખતે સદંતર અભાવ છે અને સામે પક્ષે રાહુલ ગાંધીની ચૂંટણી સભામાં હાજરી વધી છે. ગયા અંકમાં દર્શાવ્યું હતું તેમ વિવિધ નાનાં-મોટાં ગામ અને શહેરોમાં જે ચૂંટણીની સભા અને ચર્ચા માટેની બેઠકો થાય છે તેમાં અનેક બેઠકોમાં તો ભાજપના પ્રતિનિધિઓ હાજર રહેવાની હિંમત પણ નથી કરતા. પાટીદાર ફેક્ટર કેટલું મજબૂત છે અને વાસ્તવમાં તે ફેક્ટરને કારણે મતનું પરિવર્તન કે વિભાજન થશે તે તો પરિણામ વખતે જ ખબર પડશે પરંતુ જીએસટી અને નોટબંધીની ગંભીર અસર સુરત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પડી છે અને કદાચ તે વિસ્તારોમાં પરિણામ કોઈક રીતે અલગ આવે તે ભય છે. પરંતુ સામે પક્ષે ભાજપતરફી લોકો ઉત્તરપ્રદેશની ચૂંટણીઓના પરિણામો દર્શાવે છે. નોટબંધી પછી ઉત્તરપ્રદેશના લેબર વર્ગને ગંભીર અસર પડી હતી અને છતાં પણ ઉત્તરપ્રદેશમાં ભાજપને જોરદાર બહુમતી મળી હતી અને તેથી અત્યારે ભલે ભાજપનું પલ્લું નબળું દેખાતું હોય પરંતુ સીટો તો ગયા વખત કરતાં ઘણી વધારે આવશે તેવો વિશ્વાસ પણ ભાજપતરફી એનાલિસ્ટો દર્શાવે છે.

**ડિસેમ્બર મધ્યમાં ચૂંટણીના પરિણામો થોડાંક નબળા આવે અને તે વખતે એક વખત મોટું કરેક્શન બજારમાં આવી જાય**

સામે પક્ષે ટેકનિકલ ઈન્ડિકેટરો ઘણી વખત આવનારી ઘટનાઓનો સંકેત આપી દે છે અને અત્યારે પણ જે રીતે ટેકનિકલ રીતે નિફ્ટીની મૂવમેન્ટ ચાલી રહી છે તે પણ ડિસેમ્બર મધ્યમાં ચૂંટણીના પરિણામો થોડાંક નબળા આવે અને તે વખતે એક વખત મોટું કરેક્શન બજારમાં આવી જાય તેનો પણ સંકેત આપે છે. આમ, નિફ્ટીનો સંકેત અને અત્યારનો વાસ્તવિક માહોલ શું પરિણામ લાવે છે તે જોવું ખૂબ જ રસપ્રદ રહેશે.

પરંતુ એટલું તો નક્કી છે કે જો આ વખતની ચૂંટણીમાં મતોની સંખ્યામાં ઘટાડો થાય અથવા તો ભાજપને અપેક્ષા કરતાં ઓછી સીટ મળે તો તેની ચક્રવૃદ્ધિ અસર અન્ય રાજ્યોમાં ભાજપ ઉપર પડશે. કારણ કે ભાજપના ગઢમાં જો તેની પોઝિશન નબળી પડે તો અન્ય રાજ્યોમાં વિપક્ષો ખૂબ જ મજબૂત બની જાય.

સામે પક્ષે અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે ફરી વખત ટેન્શન વધ્યું છે અને અમેરિકાના વિવિધ શહેરોનો એક સાથે ખાતમો કરી શકે તેવા મિસાઈલનું પરિક્ષણ ગયા અઠવાડિયે ઉત્તર કોરિયાએ કર્યું હતું. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એશિયાઈ દેશોની મુલાકાતે ગયા પછી તેને કારણે ઉત્તર કોરિયા ઉપર દબાણ વધશે અને તે થોડું ટાઢું પડશે તેવી ગણતરી હતી. પરંતુ ઉત્તર કોરિયાના આ પ્રમુખ કોઈ રીતે ઠંડા પડે તે સંભાવના નથી દેખાતી. ઉત્તર કોરિયાએ કરેલા મિસાઈલ પરિક્ષણ પછી ગુરૂવારે સેન્સેક્સમાં ૧૮૦ પોઈન્ટના ઘટાડા સાથે બજાર ખૂલ્યું હતું અને અગાઉ દર્શાવ્યું હતું તેમ આ પરિબળ આવતાં થોડાં દિવસો બજાર ઉપર નકારાત્મક અસર કરે તે સંભાવના વધારે છે.

સામે પક્ષે ઉત્તર કોરિયાના પરિક્ષણની સામે દક્ષિણ કોરિયાએ પણ થોડીક હલચલ કરી છે. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે ઉત્તર કોરિયાની સરખામણીમાં દક્ષિણ કોરિયાના ગમે તે પગલાં આવે તેની કોઈ જ અસર બજાર ઉપર નથી થવાની.

સામે પક્ષે અમેરિકામાં આર્થિક આંકડાઓ સતત પ્રોત્સાહક આવતા જાય છે. ફેડરલ રિઝર્વની હવે ડિસેમ્બર મહિનામાં મીટીંગ મળશે અને આ મીટીંગમાં અગાઉ અપાયેલા સંકેત મુજબ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં સને ૨૦૧૭નો બીજો વધારો કરે તેવી ગણતરી છે. ફેડરલ રિઝર્વના ચેરમેન જેનેટ યેલેને અમેરિકન કોંગ્રેસને અનુરોધ કર્યો છે કે તેઓ આર્થિક વૃદ્ધિ ઝડપી બને તે માટેની પોલિસી તૈયાર કરે. અમેરિકામાં ત્રીજા ક્વાર્ટર દરમિયાન જીડીપી ૩.૩ ટકા વધશે તેવો અંદાજ આપવામાં આવ્યો છે. ત્રીજા ક્વાર્ટર માટેનો અગાઉનો અંદાજ ૩.૨ ટકાનો હતો અને તે રીતે જીડીપીમાં અપવર્ડ રીવિઝન થયું છે. ક્રૂડના ભાવ ૧.૨ ટકા ઘટીને ૫૭.૩૦ ડોલર આસપાસ આવ્યા છે અને ઓપેકના દેશો તેની આગામી મીટીંગમાં શું વલણ અપનાવે છે તેની ઉપર ક્રૂડની મૂવમેન્ટ રહેશે. અત્યારના તબક્કે ઓપેકના દેશો ગમે તે નિર્ણય લે પરંતુ ક્રૂડ સપ્લાય ઉપરનો અંકુશ માર્ચ-૨૦૧૮ સુધી ચાલુ રહેવાનો છે અને તેથી એકદમ ઝડપથી ક્રૂડના ભાવમાં ઉછાળો કે ઘટાડો આવે તે સંભાવના ખૂબ ઓછી છે.




અમેરિકામાં રિટેલ શેરોમાં અત્યારે આકર્ષણ વધતું જાય છે અને રિટેલ શેરોને કારણે સ્ટાન્ડર્ડ પુઅર્સ-૫૦૦ અને નાસ્ડેકમાં ગયા અઠવાડિયે સુંદર ઉછાળો જોવાયો હતો અને રિટેલ કંપનીઓને વિશ્વાસ છે કે આ વખતની ક્રિસમસની સિઝન દરમિયાન અમેરિકામાં રિટેલ વેચાણો ખૂબ જ જોરદાર રહેશે. મેસી અને કોહેલના શેર અત્યારે બાવન અઠવાડિયાના ટોપ ઉપર આવી ગયા છે અને તેવી જ રીતે રિટેલ જાયન્ટ ગેપના શેર પણ અત્યારે ૧.૨ ટકા વધ્યા છે. ઈ-કોમર્સ જાયન્ટ એમેઝોનના બ્લેક ફ્રાઈડે વેચાણો ગયા વર્ષની સરખામણીમાં ૧૭ ટકા વધી ગયા હોવાથી એમેઝોનના શેરમાં પણ ૦.૮ ટકાનો ઉછાળો જોવાયો હતો. અમેરિકન સેનેટ હવે આવકવેરામાં સુધારા અંગે ઠરાવ કરે તે અપેક્ષાએ ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજમાં ગયા અઠવાડિયા દરમિયાન સતત ઉછાળાનો ટ્રેન્ડ જોવાતો હતો.

ભારતમાં અર્થતંત્રમાં બીજા ક્વાર્ટર દરમિયાન ૬.૫ ટકાની વૃદ્ધિ જોવાશે તેવો અર્થશાસ્ત્રીઓનો સૂર છે. એપ્રિલથી જૂનના ક્વાર્ટરમાં ભારતમાં ૫.૭ ટકાનો વૃદ્ધિદર જોવાયો હતો, તે થોડી નબળાઈ દર્શાવે છે. જ્યારે જુલાઈથી સપ્ટેમ્બર-૨૦૧૬ દરમિયાન ભારતીય અર્થતંત્રએ ૭.૫ ટકાનો વૃદ્ધિદર હાંસલ કર્યો હતો. આમ, નોટબંધી અને જીએસટી પછી ભારતીય અર્થતંત્ર ફરી એક વખત નોર્મલ લેવલ તરફ આવી રહ્યું હોય તે સંકેત મળે છે.

તેવી જ રીતે સિમેન્ટની માંગમાં પણ નોંધપાત્ર વૃદ્ધિનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે અને સરકાર દ્વારા લેવાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લક્ષી વિવિધ પગલાંઓને કારણે આગામી દિવસોમાં સિમેન્ટ, સ્ટીલ અને ઓટોમોબાઈલની માંગ ઝડપથી વધશે તેવી ગણતરી છે.

કેન્દ્ર સરકાર હવે નવા બજેટની તૈયારીમાં લાગી ગઈ છે અને આ વખતના બજેટમાં આવકવેરામાં મોટી છૂટછાટો આવે તેવી અપેક્ષા છે. આ વખતનું બજેટ મોદી સરકાર માટેનું લોકસભાની ચૂંટણી અગાઉનું છેલ્લું મહત્ત્વનું હશે. લોકસભાની ચૂંટણીઓ સને ૨૦૧૯માં થશે અને તેથી ૨૦૧૯નું બજેટ ચૂંટણી અગાઉનું હોવાથી તેમાં ખાસ કોઈ જ નવો બોજો આપી નથી શકાવાનો અને તેથી સરકાર આ વખતે અર્થતંત્રને મજબૂત કરવા માટે રાહતો આપે છે કે પછી પોતાની તિજોરી મજબૂત કરવા માટે વેરાનો બોજો વધારે છે તે જોવું રસપ્રદ રહેશે. પરંતુ ચૂંટણી અગાઉનું છેલ્લું બજેટ હોવાથી આ વખતના બજેટમાં નોંધપાત્ર છૂટછાટો આવે તો સહેજે નવાઈ નહીં લાગે અને તેથી આગામી દિવસોમાં પોઝિટીવ બજેટની અપેક્ષાએ અપટ્રેન્ડ શરૂ થઈ જવાની ગણતરી છે.

મૂડીઝ દ્વારા ભારતનું રેટિંગ અપગ્રેડ કરાયા પછી સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સે ભારતના રેટિંગમાં કોઈ જ ફેરફાર નથી કર્યો અને ભારતના સોવેનિયર રેટિંગને ટ્રીપલ બી માઈનસ જાળવી રાખવામાં આવ્યું છે. જ્યારે આઉટલૂક સ્ટેબલ હોવાનું દર્શાવ્યું છે. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ પણ રેટિંગમાં સુધારો કરશે તે અપેક્ષાએ સેન્સેક્સ સતત વધ્યો હતો પરંતુ રેટિંગમાં કોઈ જ ફેરફાર ના આવતાં સેન્સેક્સમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો.

હવે સંસદનું શિયાળુ સત્ર ૧૫ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી દરમિયાન મળશે અને સામાન્ય રીતે સંસદનું સત્ર શરૂ થાય છે ત્યારે બજારની ચાલ એકદમ ફિક્કી પડી જાય છે અને તેથી આવતાં થોડાં દિવસો દરમિયાન એટલે કે સંસદનું સત્ર શરૂ થાય તે દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીમાં તેજીતરફી મજબૂત ચાલ જોવાય તેવી ગણતરી છે.

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો




ઉત્તરપ્રદેશમાં ફરી એક વખત નેસ્લેની મેગીમાં રાખનું પ્રમાણ વધારે હોવાનું દર્શાવીને નેસ્લે ઉપર રૂ. ૬૫ લાખનો દંડ ઠોકી દેવામાં આવ્યો છે અને આ જાહેરાતને કારણે નેસ્લે અને અન્ય એફએમસીજી શેરો તરફના સેન્ટીમેન્ટમાં ઘટાડો આવે તેવી ગણતરી છે. પરંતુ આ અપવાદરૂપ પાસાંને ધ્યાનમાં ના લઈએ તો એફએમસીજી શેરો અત્યારે મજબૂત અપવર્ડ ટ્રેન્ડમાં છે અને આગામી સમયગાળામાં ભારતમાં થયેલા સતત બીજા સારા ચોમાસાને કારણે એફએમસીજી કંપનીઓની માંગ અને કિંમતોમાં મોટો ઉછાળો આવવાની ગણતરી છે અને તે પાછળ **ટાટા ગ્લોબલ** અત્યારે રૂ. ૨૮૦ આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૩૦૦-૩૨૦નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

ગયા અઠવાડિયે **યુનાઈટેડ સ્પીરીટ**નો શેર પણ સુંદર ઉછાળો બતાવશે તેમ કહ્યું હતું. યુનાઈટેડ સ્પીરીટ અત્યારે રૂ. ૩૩૬૯ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં પણ ઝડપથી રૂ. ૧૦૦નો ઉછાળો જોવા મળવાની ગણતરી છે.

**જ્યુબિલન્ટ ફૂડવર્કસ** અત્યારે રૂ. ૧૭૯૦ ઉપર આવી ગયો છે. ગયા અઠવાડિયે નાનું પ્રોફીટ બુકીંગ એક સેશનમાં જોવાયું હતું. પરંતુ જ્યુબિલન્ટ ફૂડવર્કસ અત્યારે મજબૂત તેજીના તબક્કામાં છે અને આગામી દિવસોમાં આ શેર મજબૂત ઉછાળા સાથે રૂ. ૧૮૫૦-૧૯૦૦નું લેવલ બતાવી દે તોપણ નવાઈ નહીં લાગે.

**બ્રિટાનિયા**નો શેર કવર કરવાનું ચાણક્યમાં વિસ્તૃત એનાલિસિસ સાથે દર્શાવેલું અને તે પછી બ્રિટાનિયા અત્યારે રૂ. ૪૮૧૧ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં ખૂબ લાંબી તેજીની જગ્યા દેખાય છે. અત્યારના ભાવે થોડાંક શેરો લઈને મૂકી દેવાય.

**હિંદુસ્તાન યુનિલીવર** લાંબી તેજીમાં દાખલ થઈ ગયો છે. સ્વાભાવિક છે કે ગ્રામ્ય માંગ સુધરે તો તેને કારણે સાબુ, શેમ્પુ અને અન્ય એફએમસીજી પ્રોડક્ટોની માંગમાં ઝડપી વૃદ્ધિ જોવા મળે. આગામી દિવસોમાં હિંદુસ્તાન યુનિલીવરના શેરમાં ધીરે ધીરે રૂ. ૧૪૦૦નો ભાવ આવે તોપણ નવાઈ નહીં લાગે.

કલકત્તા ખાતે મુખ્ય મથક ધરાવતી **ઈમામી**નો શેર અત્યારે રૂ. ૧૩૧૩ ઉપર છે અને આગામી દિવસોમાં ઈમામી ઝડપી ઉછાળા સાથે રૂ. ૧૪૧૪નો ભાવ બતાવી દે તે સંભાવના છે.

**ગ્લેક્સો કન્ઝ્યુમર** અત્યારે રૂ. ૬૧૯૭ ઉપર આવી ગયો છે અને તેમાં થોડુંક પ્રોફીટ બુકીંગ કરી શકાય. જ્યારે **ગોદરેજ કન્ઝ્યુમર** અતિશય મજબૂત કંપની છે અને રૂ. ૯૭૬ના લેવલથી વધીને આ શેરમાં રૂ. ૧૦૫૦નો ભાવ આવવાની ગણતરી છે.

**યુનાઈટેડ બ્રુઅરી**ના શેરમાં ગયા આખા અઠવાડિયા દરમિયાન થોડી વેચવાલીનું દબાણ હતું પરંતુ રૂ. ૧૭૦૭ના ભાવે યુનાઈટેડ બ્રુઅરીનો શેર ધ્યાનમાં રખાય અને આગામી દિવસોમાં તે શેરમાં રૂ. ૧૮૦૮નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

**પ્રોક્ટર એન્ડ ગેમ્બલ**નો શેર અત્યારે રૂ. ૯૩૪૦ ઉપર છે અને તે શેરમાં પણ આગામી દિવસોમાં ખૂબ સુંદર વૃદ્ધિની જગ્યા છે.

એફએમસીજીનો મોટો કાચો માલ કૃષિ આધારિત હોય છે અને સ્વાભાવિક છે કે આ વર્ષે ચોમાસું સારું થયું હોવાથી બમ્પર પાક થયો છે અને તે પાછળ આ એફએમસીજી શેરોમાં ખૂબ ઝડપી ઉછાળો જોવા મળે.

રૂ. ૪૪૪ ઉપરના **બજાજકોર્પ**ના શેરમાં રોકાણ જાળવી શકાય. સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન કંપનીના નફામાં થોડો ઘટાડો હોવા છતાં રોકાણ જાળવી રાખવું ખૂબ જ સલાહભરેલ છે.




રૂ. ૯૩૧ ઉપરનો **ગોદરેજ કન્ઝ્યુમર**નો શેર ઘણાં ઉંચા વેલ્યુએશન ઉપર પહોંચી ગયો છે અને તેથી હવે આ શેરમાં જૂનું રોકાણ ભલે થોડો સમય જાળવી રાખો પરંતુ નવા શેર લેવામાં મજા નથી.

**કાયા લિમિટેડ**નો શેર સતત નુકસાનને કારણે રૂ. ૮૩૮ ઉપર છે. કાયામાં થોડું થોડું પ્રોફીટ બુકીંગ કરીને તે પૈસા અન્ય શેરમાં શિફ્ટ કરી શકાય.

અત્યારના તબક્કે **કોલગેટ**ના શેરમાં શોર્ટટર્મ ઘટાડાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. રૂ. ૧૦૪૯ ઉપર આવી ગયેલા આ શેરમાં આગામી દિવસોમાં રૂ. ૧૦૦૦ની અંદર ભાવ ઉતરી જાય તે સંભાવના ખૂબ મજબૂત છે.

એફએમસીજી કંપનીઓમાં એક અલગ કેટેગરી ધરાવતી રિટેલ શેરોમાં પણ અત્યારે ખૂબ સુંદર આકર્ષણ છે. ચાણક્યમાં અગાઉ **આદિત્યબિરલા ફેશન એન્ડ રિટેલ**નો શેર કવર કરવાનું દર્શાવેલું પરંતુ તે પછી આ મજબૂત શેર થોડો ઘટાડો દર્શાવે છે. અત્યારના ઘટેલા રૂ. ૧૬૩ના ભાવે પણ આ શેર કવર કરતા જવાય.

**ફ્યુચર કન્ઝ્યુમર**નો શેર ફક્ત રૂ. ૫૯ ઉપર છે અને ફ્યુચર ગ્રૂપની તમામ કંપનીઓમાં આ એક જ શેર એવો છે કે જે બે આંકડામાં મળતો હોય. ગયા વર્ષે કંપનીએ રૂ. ૧૬૪૫ કરોડના વેચાણો કર્યા હતા. પરંતુ ચાલુ વર્ષના પ્રથમ બે ક્વાર્ટરમાં જ રૂ. ૧૧૩૨ કરોડના વેચાણો થયા છે અને આ પરિણામો ધ્યાનમાં રાખીએ તો નવા વર્ષમાં ખૂબ સુંદર વેચાણ વૃદ્ધિ આવવાની ગણતરી છે. ખેલાડીઓ લગભગ ૧૬ પૈસાની શેર દીઠ કમાણીનો અંદાજ મૂકી રહ્યા છે. આમ, કમાણીની સરખામણીમાં શેર અતિશય ઉંચો છે. પરંતુ ફ્યુચર ગ્રૂપનો આ એક જ શેર બે આંકડામાં હોવાથી તેમાં સટ્ટો ચાલે અને રૂ. ૬૫-૭૦નો ભાવ આવી જાય તો નવાઈ નહીં લાગે. **ફ્યુચર એન્ટરપ્રાઈસ** પણ અત્યારે રૂ. ૫૩ ઉપર છે અને તે કંપની રૂ. ૩૭૮૨ કરોડના વેચાણો ઉપર ૯૨ પૈસાની શેર દીઠ કમાણી કરી હતી. આ બે આંકડાના શેરમાં રોકાણ કરી શકાય અને તેમાં પણ ઉછાળાની સંભાવના મજબૂત છે.

થોડાં સમય પહેલાં આઈપીઓ લઈને આવેલી **એવન્યુ સુપરમાર્ટ**નો શેર અત્યારે રૂ. ૧૧૧૯ ઉપર કોન્સોલિડેટ થઈ રહ્યો છે. અત્યારના તબક્કે નબળાઈ દર્શાવતા આ શેરમાં નાનું રોકાણ કરી દેવાય અને અગાઉ પોર્ટ શેરોમાં અદાણીપોર્ટે જેવું જોરદાર રિટર્ન આપ્યું તેવું રિટર્ન આ શેરમાં પણ રહેશે તેવી ગણતરી છે.

જ્યારે **શંકરા બિલ્ડપ્રો**ના શેરને કવર કરવાનું કહ્યું હતું અને તે પછી તે શેરમાં ૧૫ ટકાનો ઉછાળો આવી ગયો. થોડુંક પ્રોફીટ બુકીંગ કરી શકાય.

ઈ-કોમર્સને લગતાં નાના શેરોમાં અત્યારે જોખમ વધારે છે અને તેથી તે શેરોથી દૂર જ રહેવું સલાહભરેલ લાગે છે.

સપ્ટેમ્બર-૨૦૧૭ ક્વાર્ટરમાં હોટલ કંપનીઓના આંકડા એકંદરે બિનપ્રોત્સાહક રહ્યા. કેવળ **એપોલો સિંદૂરી** અને **એશિયન હોટલ ઈસ્ટ** અને **હોટલ લિલાવેન્ચર**ના નેટ નફામાં સુંદર ઉછાળો જોવાયો છે અને આ પરિસ્થિતિની સહેજ ઊંડાણથી ચર્ચા કરીએ તો લગભગ ૪ વર્ષના સમયગાળા પછી હોટલોમાં ઓક્યુપન્સી દર સુધર્યો છે અને હવે ધીરે ધીરે રૂમ દરમાં પણ સુધારાનો ટ્રેન્ડ છે. સામે પક્ષે કાચા માલ ખર્ચમાં જીએસટી આવવા છતાં ખાસ કોઈ વધારો નથી થયો અને તેથી ડિસેમ્બર ક્વાર્ટરમાં હોટલ કંપનીઓની નફાશક્તિ ફોરેન ટૂરિસ્ટ આવ્યા પછી ખૂબ સુંદર રહેવાની ગણતરી છે.

હોટલ સેક્ટરમાં પણ અગાઉ **મહિન્દ્રા હોલિડેઝ**નો શેર કવર કરવાનું દર્શાવેલું. અત્યારે રૂ. ૩૪૫ ઉપર મળી રહ્યો છે અને આ કંપનીમાં પ્રમોટરો પાસે ૬૭.૪૬ ટકા અને સંસ્થાઓ અને રિટેલ ઈન્વેસ્ટરો પાસે ૩૧.૯૫ ટકા હોલ્ડિંગ છે. પરંતુ એકદમ રિટેલ હોલ્ડિંગ ખૂબ નાનું છે અને તેથી અત્યારના ભાવે મહિન્દ્રા હોલિડેઝનો શેર કવર કરવા જવાય અને આગામી મહિનાઓમાં આ શેરમાં રૂ. ૪૭૦-૫૦૦ના ભાવની સંભાવના ખૂબ મજબૂત છે.

સામે પક્ષે **ઈન્ડિયન હોટલ** પણ ધીમે ધીમે તેજીતરફી થઈ રહ્યો છે. અત્યારે રૂ. ૧૨૨ ઉપર છે અને ઈન્ડિયન હોટલની હોટલ પ્રોપર્ટીઓની કામગીરી પણ સુધરી છે. ધીમા સુધારા સાથે આ શેરમાં રૂ. ૧૪૨નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

**હોટલ લીલા**નું ફુદું અનેક સટોડિયાઓએ કવર કર્યું છે. અગાઉ આ શેર ફક્ત રૂ. ૫-૭ આસપાસ લેવડાવતા હતા અને તે પછી ધીરે ધીરે વધીને રૂ. ૨૦ ઉપર આવી ગયો છે. હોટલ લીલામાં પણ ટૂરિસ્ટ ટ્રાફિક અને આવકોમાં ખૂબ સુંદર વૃદ્ધિ છે. અગાઉ આ શેર રૂ. ૪૦ના લેવલ ઉપર સ્થિર રહેતો હતો અને તેથી તે પાસું ધ્યાનમાં રાખીને થોડાં થોડાં શેરો કવર કરી શકાય.

(અનુ. પાના ૨ ઉપર)

**PRATIKSHA CHEMICALS LIMITED**

REGD. OFFICE: 3RD FLOOR, H K COMPLEX, OPP. DHARNIDHAR DERASAR, VASNA, AHMEDABAD – 380007

CIN : L24110GJ1991PLC015507 www.pratikshachemicals.in

PH : 079-26632390 E-MAIL: exports@dharapratiksha.com

**EXTRACT FROM THE STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED ON 30.09.2017** (Rs. In Lacs)

| Sr. No | PARTICULARS | Quarter ended on 30th September, 2017 | For the year ended on 31st March, 2017 | Corresponding 3 Months Ended on 30th September, 2016 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 244.61 | 1422.5 | 385.18 |
| 2 | Net Profit / ( Loss ) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 3.96 | 5.21 | 4.55 |
| 3 | Net Profit / ( Loss ) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | 3.96 | 5.21 | 4.55 |
| 4 | Net Profit / ( Loss ) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | 1.85 | 11 | 5.85 |
| 5 | Total Comprehensive Income for the period [ Comprising Profit/ (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | 1.85 | 11 | 5.85 |
| 6 | Equity Share Capital | 557.03 | 557.03 | 557.03 |
| 7 | Reserves ( excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of Previous Year | - | -266.66 | - |
| 8 | Earnings Per Share ( of Rs. / - each ) (for continuing and discontinued operations) | | | |
| | Basic : | 0.03 | 0.20 | 0.11 |
| | Diluted : | 0.03 | 0.20 | 0.11 |

**Notes:**

1.The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of the financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website ( www.pratikshachemicals.in)

2. The result of the Quarter ended on 30th September,2017 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 5th December,2017.

3. The Company has adopted Indian Accounting Standard ("Ind AS") notified by the Ministry of Corporate Affairs w.e.f. 1st Apil,2017 and accordingly these financial results have been prepared in accordance with the recognition and measurement Principles laid down in Ind AS - 34 Interim Financial Reporting, prescribed under section 133 of the Companies Act, 2013 read with relevant rules thereunder. The date of transition is 1st April, 2016.

4. Figures for the previous period /quarter have been rearranged / re-grouped wherever necessary, to confirm with the figures for the current year/quarter.

5. Post the applicability of Goods and Service Tax (GST) with effect from 1st July, 2017, revenue from operations are disclosed net of GST, whereas Excise duty formed part of other expenses in previous periods/year. Accodingly, the revenue from operations and other expenses for the quarter and six months ended 30 september,2017 are not comparable with the previous periods/ year presented in the results.

BY ORDER OF THE BOARD OF DIRECTORS
FOR, PRATIKSHA CHEMICALS LIMITED
SD/-
MR. JAYESH PATEL
DIRECTOR
(DIN: 00401109)

Place : Ahmedabad
Date : 05-12-2017




**DYNAMIC INDUSTRIES LIMITED**

Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445

Tel : 25897221-22-23, Fax: 25834292

CIN : L24110GJ1989PLC011989

Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૧૪મી ડિસેમ્બર,૨૦૧૭,ગુરુવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૭ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક સમયગાળા અન-ઓડીટેડ એકલ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
દીપકકુમાર એન.ચોક્સી
ચેરમેન અને આખા સમયના ડિરક્ટર
ડિન:૦૦૫૩૬૩૪૫

તારીખ :૬ ડિસેમ્બર,૨૦૧૭
સ્થળ: અમદાવાદ